

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-15 ■ તા. 21-4-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## અશ્લીલ સામગ્રીમાં બાળકોનો ઉપયોગ કરવો એ ગુનો અને ગંભીર ચિંતાનો વિષય : સુપ્રીમ કોર્ટ



નવીદિલ્હી,તા.૨૦

સુપ્રીમ કોર્ટે કહ્યું કે બાળક માટે અશ્લીલ સામગ્રી જોવી એ કદાચ ગુનો નથી, પરંતુ અશ્લીલ સામગ્રીમાં બાળકોનો ઉપયોગ ગંભીર ચિંતાનો વિષય છે. આ ગુનો હોઈ શકે છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ જેબી પારડીવાલાની બેન્ચે મદ્રાસ હાઈકોર્ટના નિર્ણયને પડકારતી એનજીઓ – જસ્ટ રાઈટ્સ ફોર ચિલ્ડ્રન એલાયન્સ ઓફ ફરીદાબાદ અને નવી દિલ્હી સ્થિત બચપન બચાવો આંદોલન પર પોતાનો ચુકાદો અનામત રાખતા આ અવલોકનો કર્યા હતા. આ સંસ્થાઓ બાળકોના કલ્યાણ માટે કામ કરે છે.

બેન્ચે કહ્યું કે બાળક માટે અશ્લીલ સામગ્રી જોવી એ ગુનો ન હોઈ શકે, પરંતુ અશ્લીલ સામગ્રીના ઉત્પાદનમાં બાળકોનો ઉપયોગ કરવો એ ગુનો હોઈ શકે છે અને તે ગંભીર ચિંતાનો વિષય છે. મદ્રાસ હાઈકોર્ટે ચુકાદો આપ્યો કે માત્ર ચાઈલ્ડ પોર્ન ડાઉનલોડ કરવું અને જોવું એ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ ગુનો નથી.

૧૧ જાન્યુઆરીના રોજ, હાઈકોર્ટે ૨૮ વર્ષીય વ્યક્તિ વિરુદ્ધ ફોજદારી કાર્યવાહીને પણ રદ કરી દીધી હતી, જેના પર તેના મોબાઈલ ફોન પર ચાઈલ્ડ પોર્નોગ્રાફિક સામગ્રી ડાઉનલોડ કરવાનો આરોપ હતો. બંને સંસ્થાઓ તરફથી હાજર રહેલા વરિષ્ઠ એડવોકેટ એચએસ ફૂલકાએ હાઈકોર્ટના નિર્ણય સાથે અસંમતિ દર્શાવી હતી. પોસ્કો એક્ટ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની જોગવાઈઓ ટાંકવામાં આવી હતી. ખંડપીઠે કહ્યું કે જો કોઈને ઈનબોક્સમાં આવી સામગ્રી મળે છે, તો સંબંધિત કાયદા હેઠળ તપાસ ટાળવા માટે તેને કાઢી નાખવી અથવા નાશ કરવી પડશે. કોર્ટે કહ્યું કે જો કોઈ વ્યક્તિ ચાઈલ્ડ પોર્નોગ્રાફિક સામગ્રીનો નાશ ન કરીને ઈન્ફોર્મેશન ટેક્નોલોજીની જોગવાઈઓનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખે તો તે ગુનો છે. ખંડપીઠ ચાઈલ્ડ પોર્ન મટીરીયલ ડાઉનલોડ કરવાના આરોપી માટે હાજર રહેલા વકીલની દલીલોનો જવાબ આપી રહી હતી. કથિત ક્લિપ તેની પાસે ૧૪ જૂન, ૨૦૧૯ના રોજ પહોંચી હતી. હાઈકોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો હતો અને આરોપીના વકીલે કહ્યું હતું કે આ સામગ્રી તેના વોટ્સએપ પર આપોઆપ ડાઉનલોડ થઈ ગઈ હતી.

દરમિયાન, સર્વોચ્ચ અદાલતે બાળ અધિકાર સંસ્થા નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સને આ કેસમાં હસ્તક્ષેપ કરવા અને ૨૨ એપ્રિલ સુધીમાં તેની લેખિત દલીલો દાખલ કરવાની મંજૂરી આપી હતી. સીજેઆઈએ કહ્યું કે દલીલો પૂર્ણ થઈ ગઈ છે અને ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે. ૧૧ માર્ચે, સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના નિર્ણયને 'ભયાનક' ગણાવ્યો હતો કે માત્ર ચાઈલ્ડ પોર્નોગ્રાફી ડાઉનલોડ કરવી અને જોવી એ પોક્સો એક્ટ અને આઈટી એક્ટ હેઠળ ગુનો નથી. હાઈકોર્ટના આ નિર્ણયને પડકારતી અરજીની સુનાવણી માટે કોર્ટે પણ સંમતિ દર્શાવી હતી. મદ્રાસ હાઈકોર્ટે કહ્યું હતું કે આજના બાળકો અશ્લીલ સામગ્રી જોવાની ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. સમાજે આવા બાળકોને સજા કરવાને બદલે શિક્ષિત કરવા માટે પૂરતી પરિપક્વતા દાખવવી જોઈએ.

## પ્રદૂષિત પાણીની સમસ્યા ઉકેલવા ૩૩૩ કરોડના ખર્ચે મધ્યઝોનના છ વોર્ડમાં પાણી-ડ્રેનેજની લાઈન બદલાશે

અમદાવાદ,

અમદાવાદના કોટ વિસ્તાર સહિતના મધ્યઝોનના છ વોર્ડમાં પ્રદૂષિત પાણીની સમસ્યા ઉકેલવા રુપિયા ૩૩૩ કરોડના ખર્ચે પાણી અને ડ્રેનેજની લાઈન બદલવા નિર્ણય કરવામા આવ્યો છે.લોકસભાની ચૂંટણી બાદ આ અંગે ટેન્ડર કરવામાં આવશે.બે વર્ષના સમયમાં પાણી અને ડ્રેનેજની લાઈન બદલવાની કામગીરી પુરી કરાશે.

શહેરના કોટ વિસ્તારમાં આવેલા ખાડિયા,રાયપુર,માણેકચોક ઉપરાંત કાલુપુર ઉપરાંત જમાલપુર, દરિયાપુર સહિતના અનેક વોર્ડ વિસ્તારમાં અવારનવાર પ્રદૂષિત પાણી આવવા અંગેની ફરિયાદ મ્યુનિસિપલ તંત્રને મળતી રહે છે.સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેને કહયુ,મધ્ય ઝોનમાં આવેલા તમામ છ વોર્ડમાં ચાલીસથી પચાસ વર્ષ જુની પાણી અને ડ્રેનેજની લાઈન હોવાથી પોલ્યુશન સંબંધી ફરિયાદનો નિકાલ કરવામા આવ્યા બાદ પણ થોડા સમય બાદ ફરી એ જ સ્થળે પાણીમા પોલ્યુશન આવવા અંગેની સી.સી.આર.એસ. દ્વારા તંત્રને ફરિયાદ મળતી હોય છે. મધ્યઝોનમાં પાણીમા પોલ્યુશન આવવા અંગેની સમસ્યાનો કાયમી નિકાલ લાવવા રુપિયા ૩૩૩ કરોડના ખર્ચે તબકકાવાર પાણી અને ડ્રેનેજની લાઈન બદલવામા આવશે.સ્ટેન્ડિંગ કમિટિની બેઠકમાં ગાર્ડન વિભાગ તરફથી વિવિધ વિસ્તારમાં કરવામા આવતા પ્લાન્ટેશનની આસપાસ પથ્થર મુકવા સુચના અપાઈ હતી.જેથી રોપવામા આવેલા રોપાના આવરદામા વધારો કરી શકાય.ચોમાસા અગાઉ જયાં રોડ રીસરફેસ કે પેચવર્કની કામગીરી બાકી છે.

## નાગાલેન્ડમાં ૬ જિલ્લાના ૪ લાખ મતદારોમાંથી કોઈએ ન કર્યું વોટિંગ

કોહિમા,તા.૨૦

લોકસભા ચૂંટણીને લઈ પ્રથમ તબક્કાનું મતદાન ગઈકાલે પૂર્ણ થયું. જોકે આ પ્રથમ તબક્કાના મતદાનમાં એક ચોંકાવનારી વાત સામે આવી છે. વાત જાણે એમ છે કે, લોકસભા ચૂંટણી માટે નાગાલેન્ડના છ પૂર્વ જિલ્લાઓમાં બૂથ પર મતદાન કર્મચારીઓએ નવ કલાક રાહ જોઈ પરંતુ આ વિસ્તારના ૪ લાખ મતદારોમાંથી એક પણ મત આપવા આવ્યા ન હતા. ફ્રન્ટિયર નાગાલેન્ડ ટેરિટરીની માંગ માટે દબાણ બનાવવા માટે બંધનું એલાન કરવામાં આવ્યું હતું.

મુખ્ય પ્રધાન નેફિયુ રિયોએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારને પૂર્વીય નાગાલેન્ડ પીપલ્સ ઓર્ગેનાઈઝેશનની એફએનટી માટેની માંગ સાથે કોઈ સમસ્યા નથી કારણ કે તેણે પહેલેથી જ આ પ્રદેશ માટે સ્વાયત્ત સત્તાઓની ભલામણ કરી છે. ઈએનપીઓએ પૂર્વ વિસ્તારની સાત આદિવાસી સંસ્થાઓની સર્વોચ્ચ સંસ્થા છે.

ચૂંટણી અધિકારીઓએ જણાવ્યું કે, જિલ્લા વહીવટીતંત્ર અને અન્ય ઈમરજન્સી સેવાઓ સિવાય પૂર્વી નાગાલેન્ડના રસ્તાઓ પર લોકો કે વાહનોની અવરજવર નથી. નાગાલેન્ડના અધિક મુખ્ય ચૂંટણી અધિકારી એવા લોરિંગે જણાવ્યું હતું કે, મતદાન કર્મચારીઓ સવારે ૭ થી સાંજના ૪ વાગ્યા સુધી પ્રદેશના ૭૩૮ મતદાન મથકો પર હાજર હતા જેમાં ૨૦ વિધાનસભા મતવિસ્તારોનો સમાવેશ થાય છે. સીઈઓ ઓફિસના સૂત્રોએ જણાવ્યું કે, તે નવ કલાકમાં કોઈ મતદાન કરવા આવ્યું ન હતું. આ ઉપરાંત ૨૦ ધારાસભ્યોએ પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો ન હતો.નાગાલેન્ડના ૧૩.૨૫ લાખ મતદારોમાંથી પૂર્વ નાગાલેન્ડના છ જિલ્લાઓમાં ૪,૦૦,૬૩૨ મતદારો છે. રાજ્યની રાજધાનીથી લગભગ ૪૧ કિમી દૂર તેમના ગામ તૌફેમામાં પોતાનો મત આપ્યા પછી મુખ્ય પ્રધાને કહ્યું કે તેમણે હ્લદ્ભ માટેના કાર્યકારી કાગળનો ડ્રાફ્ટ સ્વીકાર્યો છે જે તેમને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની હાજરીમાં સોંપવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે ચૂંટાયેલા ધારાસભ્યો અને સૂચિત હ્લદ્ભના સભ્યો સાથે સત્તામાં તેમનો હિસ્સો સિવાય બધું જ સારું લાગે છે.પૂર્વીય નાગાલેન્ડ પીપલ્સ ઓર્ગેનાઈઝેશન એટલે કે ઈએનપીઓએ છ જિલ્લાના અલગ રાજ્યની માંગ કરી રહી છે. તેમનો એવો પણ આરોપ છે કે, સરકારોએ આ વિસ્તારમાં સામાજિક અને આર્થિક વિકાસ કર્યો નથી. જોકે મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજ્ય સરકારે પહેલેથી જ એક સ્વાયત્ત સંસ્થાની ભલામણ કરી છે જેથી કરીને આ પ્રદેશને બાકીના રાજ્યની સમકક્ષ પર્યાપ્ત આર્થિક પેકેજ મળી શકે. આ તરફ મતદાન ન કરવા બદલ પૂર્વ નાગાલેન્ડના ૨૦ ધારાસભ્યો સામે કોઈ કાર્યવાહી થશે કે કેમ તેનો જવાબ આપતા મુખ્યમંત્રીએ કહ્યું કે, અમે સંઘર્ષ નથી ઈચ્છતા. ચાલો જોઈએ શું થશે. નાગાલેન્ડમાં લોકસભાની ચૂંટણીની શરૂઆતના થોડા કલાકો પહેલાં ઈએનપીઓએ ગુરુવારે સાંજે ૬ વાગ્યાથી રાજ્યના પૂર્વ ભાગમાં અનિશ્ચિત મુદતની સંપૂર્ણ હડતાળનું આહ્વાન કર્યું હતું. તેમજ ચેતવણી આપી હતી કે, જો કોઈ મતદાન કરવા જાય અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉભી થાય તો તેના માટે સંબંધિત મતદાર જવાબદાર રહેશે.

## ઓડિશાના રાયગઢ જિલ્લામાં મહાનદીમાં બોટ ડૂબી જવાથી અત્યાર સુધીમાં ૮ લોકોના મોત

ભુવનેશ્વર,તા.૨૦

રાયગઢ જિલ્લામાં મહાનદીમાં બોટ ડૂબી જવાથી અત્યાર સુધીમાં ૮ લોકોના મોત થયા છે. આ દુર્ઘટનામાં ૭ મૃતદેહ મળ્યા છે. જ્યારે હજુ સુધી એક મૃતદેહ મળ્યો નથી. મહાનદીમાં સવારે ૬ વાગ્યાથી બચાવ અને સર્ચ ઓપરેશન ચાલુ કરાયું છે. તરવૈયાઓની સાથે ભુવનેશ્વરના સ્કુબા ડાઈવર્સની ટીમ મૃતદેહની શોધ કરી રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે, આ તમામ અંજોરીપલી ખરસિયા ગામના રહેવાસી છે.

ઓડિશાના ઓડીઆરએફ અને ફાયર ઈમરજન્સીના સ્કુબા ડાઈવર્સ દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન અત્યાર સુધીમાં ૭ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે એક બોટમાં આશરે ૫૦ જેટલા લોકો રાયગઢ જિલ્લાની સરહદે ઓડિશાના પંચગાંવ સ્થિત પથરસેની મંદિરમાં દર્શન કરવા ગયા હતા. આ દરમિયાન, આ બધા એક બોટમાં મુસાફરી કરી રહ્યા હતા અને અચાનક હોડી પલટી જતા આ સમગ્ર ઘટના બની હતી.

આ ઘટનામાં ડૂબી જવાથી મૃત્યુ પામેલાઓમાં રાધિકા રાઠીયા, કેસરબાઈ રાઠીયા, લક્ષ્મી રાઠીયા, બાળક કુણાલ રાઠીયા અને એક બાળક નવીન રાઠીયાના મૃતદેહ મળી આવ્યા છે. આ ઘટનામાં ૮ લોકોમાંથી ૭ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. એક વ્યક્તિની શોધ હજુ ચાલુ છે. આ તમામ લોકો છત્તીસગઢના ખરસિયા વિધાનસભા ક્ષેત્રના હોવાનું કહેવાય છે.આ ઘટના બાદ છત્તીસગઢ સરકારના નાણામંત્રી અને રાયગઢના ધારાસભ્ય ઓપી ચૌધરીએ જણાવ્યું કે રાયગઢમાં આ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે.

## કોર્ટે પૂર્વ મુખ્યમંત્રી રમણ સિંહના ભૂતપૂર્વ સચિવ સામે અપ્રમાણસર સંપત્તિનો કેસ બંધ કર્યો

રાયપુરી,તા.૨૦

છત્તીસગઢની એક અદાલતે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી રમણ સિંહના મુખ્ય સચિવ અમન સિંહ વિરુદ્ધ અપ્રમાણસર સંપત્તિનો કેસ બંધ કરી દીધો છે. રાયપુર કોર્ટે ઈઓડબ્લ્યુ એસીબીનો અંતિમ અહેવાલ સ્વીકાર્યો, જે મુજબ અમન સિંહ સામે અપ્રમાણસર સંપત્તિનો કેસ કરવામાં આવ્યો નથી.છત્તીસગઢના આર્થિક અપરાધ તપાસ બ્યુરો એન્ટિ કરપ્શન બ્યુરોના અંતિમ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે અમન સિંહ અને તેની પત્ની યાસ્મીન સિંહ સામે અપ્રમાણસર સંપત્તિનો કોઈ કેસ કરી શકાય નહીં. રાજ્યમાં અગાઉની ભૂપેશ બઘેલની આગેવાની હેઠળની કોંગ્રેસ સરકારે એક આરટીઆઇ કાર્યકર્તાના દાવાના આધારે ફેબ્રુઆરી ૨૦૨૦ માં આ સંદર્ભમાં એફઆઈઆર નંબર ૦૯/૨૦૨૦ દાખલ કરી હતી. કોર્ટના આદેશ મુજબ, રાજ્ય ઈઓડબ્લ્યુ એસીબીએ ત્રણ વર્ષ સુધી તપાસ કરી અને સિંહ અને તેમની પત્ની સામે અપ્રમાણસર સંપત્તિના આરોપોને સાબિત કરવામાં નિષ્ફળ રહી. હાલની ભાજપ સરકાર સત્તામાં આવી તે પહેલા રાજ્ય ઈઓડબ્લ્યુએ ગયા વર્ષે ડિસેમ્બરમાં અંતિમ અહેવાલ દાખલ કર્યો હતો. નીચલી અદાલતે હવે અંતિમ અહેવાલ સ્વીકારી લીધો છે અને એફઆઈઆર રદ કરી છે. અમન સિંહ, ભૂતપૂર્વ ભારતીય મહેસૂલ સેવા અધિકારી, એક શક્તિશાળી અમલદાર અને છત્તીસગઢમાં રમણ સિંહની આગેવાની હેઠળની ભાજપ સરકારમાં મુખ્ય પ્રધાનના મુખ્ય સચિવ હતા. તેમણે નવેમ્બર ૨૦૨૨ માં સેવામાંથી રાજીનામું આપ્યું અને અદાણી જૂથમાં જોડાયા.બિલાસપુર હાઈકોર્ટે બે વર્ષ પહેલા આ એફઆઈઆર રદ કરી દીધી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે માર્ચ ૨૦૨૩માં આ આદેશ પર રોક લગાવી દીધી હતી.

## મોંમાં મરચું ભરીને હોઠ ઉપર ફેવિક્વિક લગાવી દીધી : એક મહિના સુધી ગોંધી રાખી ટોર્ચર અને શારીરિક શોષણ કર્યુ

ભોપાલ,તા.૨૦

મધ્યપ્રદેશના ગુનામાં નશાના શોખીન મજૂરે હેવાનિયતની હદ પાર કરી દીધી હોવાની ઘટનામાં ચોંકાવનારો ખુલાસો થયો છે. માથા ફરેલા હેવાને મકાન પડાવવા માટે એક છોકરીને બંધક બનાવી ખૂબ જ ખરાબ રીતે અત્યાચાર ગુજાર્યો છે. જે મકાનમાં યુવતીને ટોર્ચર કરવામાં આવી હતી, ત્યાંથી ફેવિક્વિક અને મારપીટમાં ઉપયોગ લેવાયેલ બેલ્ટ અને પ્લાસ્ટિકની પાઈપ પણ મળી આવી છે. આરોપી અયાન પઠાને યુવતીને એક નાના રૂમમાં એક મહિના સુધી ગોંધી રાખી ટોર્ચર અને શારીરિક શોષણ કર્યું હોવાનો પણ ખુલાસો થયો છે. કેંટ પોલીસ સ્ટેશનના પ્રભારી દિલીપ રાજોરિયાની ટીમ જ્યાં ઘટના બની ત્યાં આરોપીને હાથકડી પહેરાવીને લઈ પહોંચી હતી.હોસ્પિટલમાં દાખલ પીડિતાએ કહ્યું કે, 'અયાન પઠાન ઘરની અંદર તેની ઓળખીતી યુવતી સાથે બર્બરતાપૂર્વક મારપીટ કરતો હતો. ઘટનાની રાત્રે અયાને યુવતીને મારમારીને અર્ધબેભાન કરી દીધી હતી. તેની આંખોમાં લાલ મરચું નાખી દીધું હતું. જ્યારે યુવતીએ ચીસાચીસ કરી તો તેણે તેના મોંઢામાં મરચું ભરી દઈ ફેવિકોલથી તેના હોઠ ચિપકાવી દીધા હતા.

પીડિતાએ વધુમાં કહ્યું કે, તેના પિતાનું અવસાન થઈ ગયું છે અને તેની માંના નામે આ પૈતળક મકાન હોવાથી અયાન તેનું મકાન હડપવા માંગતો હતો. આરોપી અયાન તેના ઘર પાસે જ રહેતો હતો અને તેની નજર ઘર પર હતી. તે ઈચ્છતો હતો કે આ ઘર તેના નામે થઈ જાય જેનો વિરોધ કરતા તેણે મારી પર બર્બરતાપૂર્વક અત્યાચાર ગુજાર્યો હતો. તે મને પહેલા પણ હેરાન કરતો હતો, પણ આ વખતે તેણે મારી હેવાનીયતભર્યું કૃત્ય કર્યું છે.' પીડિતાની માતાએ કહ્યું કે, 'મેં મારી પુત્રીને અયાનથી દુર રહેવા કહ્યું હતું. હું મારી પુત્રીને પાસેના શિવપુરી જિલ્લામાં લઈ ગઈ હતી, જોકે પુત્રી શિવપુરીથી પરત ફરી ગુના પહોંચી ગઈ હતી.

## પંજાબની સંગરુર જેલમાં કેદીઓના બે જૂથ વચ્ચે લોહિયાળ અથડામણઃ ૨ કેદીઓના મોત

ચંડીગઢ,તા.૨૦

પંજાબની સંગરુર જેલમાં કેદીઓના બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. બંને વચ્ચે જોરદાર લડાઈ થઈ હતી.બંને તરફથી એકબીજા પર ઘાતક હુમલો થયો હતો. આ લોહિયાળ અથડામણમાં બે કેદીઓના મોત થયા હતા. આ ઘટનામાં બે કેદીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે.

પંજાબની સંગરુર જેલમાં શુક્રવારે સાંજે ભારે હંગામો થયો હતો. જેલમાં કેદીઓ વચ્ચે થયેલી લોહિયાળ અથડામણમાં બે કેદીઓના મોત થયા છે, જ્યારે બેને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.હાલમાં જેલની અંદર સ્થિતિ તંગ છે. તેને જોતા જેલની અંદર મોટી સંખ્યામાં પોલીસ દળો તૈનાત કરવામાં આવ્યા છે. જેલમાં જેલ અધિકારીઓની સાથે પોલીસ અધિકારીઓ પણ હાજર છે. કેદીઓ વચ્ચે આ અથડામણ કેવી રીતે થઈ તે અંગે પોલીસ અધિકારીઓ તપાસમાં વ્યસ્ત છે કેદીઓ વચ્ચે કેમ લડ્યા તેની તપાસ કરવામાં આવી રહી છે. ઘાયલ થયેલા કેદીઓને ગંભીર હાલતમાં પટિયાલાની રાજેન્દ્ર હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. આ મામલે પોલીસ દ્વારા કોઈ માહિતી આપવામાં આવી નથી. પોલીસનું કહેવું છે કે તપાસ બાદ જ કંઈક કહી શકાશે. ઘટના અંગે માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

સંગરુર જેલમાં કેદીઓના બે જૂથો કોઈ મુદ્દે એકબીજા સાથે અથડામણ થઈ હતી. બંને વચ્ચે જીવલેણ હુમલો થયો હતો. કેદીઓ વચ્ચે મારામારીના કારણે જેલમાં અરાજકતા ફેલાઈ ગઈ હતી. સૂત્રોનું માનીએ તો કેદીઓના એક જૂથે કટર વડે હુમલો કર્યો હતો. કટરના હુમલામાં બે કેદીઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. લોહીથી લથબથ બંને કેદીઓનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મૃત્યુ પામેલા કેદીઓની ઓળખ હર્ષ અને ધર્મેન્દ્ર તરીકે થઈ છે.

## સવગઢ ગામે ગેરકાયદે માટી પુરાણ મુદ્દે મહિલા ફોરેસ્ટરને લાફા મારતાં પિતા-પુત્ર સામે ફરિયાદ

હિંમતનગરને અડીને આવેલ સવગઢના ઈલોલ ચાર રસ્તાથી ઈલોલ જતાં માર્ગ પર રક્ષિત જંગલ વિસ્તારમાં ગેરકાયદે માટી પુરાણ કરી રસ્તો બનાવવાનો પ્રયાસ કરનાર શખ્સ અને તેના પિતાએ બંને ટ્રકોને જપ્ત કરવા આરએફઓ સાથે ગયેલ મહિલા ફોરેસ્ટરની ફેંટ પકડી લાફા ઝીકી મારી નાખવાની ધમકી આપી હતી.ઈલોલ ચાર રસ્તાથી ઈલોલ જતાં માર્ગ પર ૨૦૦ મીટરના અંતરે રક્ષિત જંગલ વિસ્તારમાં ત્રણેક દિવસ અગાઉ માટી પુરાણ કરી રસ્તો બનાવાઈ રહ્યો હોવાનું જોવા મળતાં વન વિભાગના ફોરેસ્ટર પ્રજ્ઞાબેન ગોસ્વામીએ કાયમી રોજમદાર અતુલકુમાર જાદવને પુરાણની કામગીરી થાય તો જાણ કરવા જણાવ્યું હતું. તા.૧૮-૦૪-૨૪ના રોજ સાંજે રોજમદારે પ્રજ્ઞાબેનને ફોન કરીને જણાવ્યું હતું કે પુરાણ કરી રહેલ બે ટ્રકો પકડી છે જેને પગલે ફોરેસ્ટર પ્રજ્ઞાબેન અને પરીક્ષેત્ર વન અધિકારી એચ.કે. પંડ્યા ઘટનાસ્થળે પહોંચવા દરમિયાન બંને ટ્રકો લઈને ગાયબ થઈ ગયા હતા અને રોજમદાર અતુલભાઈએ જણાવ્યું કે પાણપુરનો સોબાન ઉસ્માન નેદરીયા નામનો શખ્સ બંને ટ્રકોના ડ્રાઈવરને લઈને ફરાર થઈ ગયો હતો.

## તંત્રી લેખ......

# બંધારણ-લોકતંત્રના ખાત્માનો હાઉ

રાહુલ ગાંધી હવે એના પર વધારે ભાર મૂકી રહ્યા છે કે જો મોદી સરકાર સત્તામાં આવી તો લોકતંત્ર જ ખતમ થઈ જશે અને બંધારણ પણ નહીં બચે! તેઓ પોતાની સભાઓમાં વારંવાર કહી રહ્યા છેકે આ વખતની લોકસભા ચૂંટણી લોકતંત્ર અને બંધારણ બચાવવા માટે છે. લોકતંત્ર અને બંધારણ ખતરામાં હોવાના આરોપો પર વડાપ્રધાને યોગ્ય જ સવાલ કર્યો કે શું જ્યારે દેશમાં કટોકટી લાદવામાં આવી હતી ત્યારે લોકતંત્ર ખતરામાં નહોતું આવ્યું? તેમણે કોંગ્રેસને એ પણ પ્રશ્ન કર્યો કે જો બંધારણની કલમ ૩૭૦ એટલી જ સારી હતી તો તેને આખા દેશમાં કેમ લાગુ ન કરી? કોંગ્રેસ પાસે કદાચ જ આ પ્રશ્નોનો જવાબ હોય.

૧૯૪૭માં જ્યારે ભારતને આઝાદી મળી અને બંધારણ સભાની રચના થઈ તો તેના ૨૯૯માંથી ૨૦૮ સદસ્યો કોંગ્રેસના હતા. આ સમિતિમાં હિંદુ મહાસભા તરફથી પ્રમુખ નેતા શ્યામાપ્રસાદ મુખર્જી હતા, જેમણે બાદમાં જનસંઘની સ્થાપના કરી, જેણે ૧૯૮૦માં ભાજપનું રૂપ લીધું. બંધારણ સભામાં કલમ ૩૭૦નો વિરોધ કેટલાય નેતાઓએ કર્યો, તેમાં ડો.આંબેડકર પણ સામેલ હતા. બંધારણમાં કેટલાંય સંશોધનો તેના લાગુ થયાના એક વર્ષની અંદર જ કરવામાં આવ્યાં હતાં, જેમાંથી એક અભિવ્યક્તિની સ્વતંત્રતા સીમિત કરનારું સંશોધન પણ હતું. એ વિચિત્ર છે કે આજે કોંગ્રેસ જ અભિવ્યક્તિની સ્વતંત્રતા ખતરામાં હોવાની સૌથી વધુ બૂમરાણ મચાવી રહી છે. જ્યારે બંધારણમાં રાજ્ય સરકારોને બરખાસ્ત કરવા સંબંધી કલમ ૩૫૬ સામેલ કરવામાં આવી તો તેનો વિરોધ થયો. આંબેડકરે એ આશાએ આ કલમને બંધારણનો હિસ્સો બનાવી કે તેના ઉપયોગની નોબત બહુ ઓછી આવશે, પરંતુ બધા જાણે છે કે પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુથી માંડીને નરસિંહ રાવના સમય સુધી કલમ ૩૫૬નો કઈ રીતે બેફામ અને મનમાફક ઉપયોગ થયો. ગયા વર્ષે ફેબ્રુઆરીમાં વડાપ્રધાન મોદીએ સંસદમાં જણાવ્યું હતું કે કોંગ્રેસની સરકારોએ લગભગ ૯૦ વખત ૩૫૬નો ઉપયોગ કરીને રાજ્ય સરકારોને ગબડાવી હતી. ઈન્દિરા ગાંધીએ તો લગભગ ૫૦ વખત ૩૫૬નો ઉપયોગ કર્યો હતો.

## પત્રાવળી-૪૨




રવિવારની સવાર

પ્રિય પત્રસાથીઓ,

પત્ર, ટપાલ, કાગળ, ચિઠ્ઠી, પત્રિકા- કેટકેટલાં નામ ! આજે આ પત્રાવળી થકી પાઠવવામાં આવતી ટપાલોને પણ કેટલાં વહાણાં વહી ગયા. દેવિકાબહેને તો આજે ટપાલોને માનવીય સંદર્ભથી ઊઠીને કેટલી સરસ રીતે પ્રકૃતિ સાથે સાંકળી લીધી. કુદરતના પ્રત્યેક કરિશ્માને ટપાલ સાથે સાંકળવાની વાત -જાણે ઈશ્વરે માનવજાત માટે પાઠવેલા પત્રો.

આજે જ્યારે આ ઇ-મેઇલ દ્વારા પળવારમાં મળી જતા પત્રો થકી ખૂબ નજીક આવી ગયા છીએ ત્યારે એક વડીલે ( શ્રી ગિજુભાઇ વ્યાસે) કહેલી વાત યાદ આવે છે. લગભગ અડધી સદી પહેલાં જ્યારે ઈન્ટરનેટ કે ઇલેક્ટ્રોનિક્સ પત્ર-વ્યવહારની સુવિધાની કલ્પના પણ નહોતી ત્યારે એમણે કહ્યું હતું કે નજીકના ભવિષ્યમાં એવો સમય આવશે કે જ્યારે એક વ્યક્તિ પત્ર-ટપાલ મોકલશે અને વળતી ક્ષણે જ દુનિયાના કોઈ પણ છેડે રહેતી બીજી વ્યક્તિને એ પત્ર મળી જશે. જ્યારે એક પત્ર મોકલાય અને દુનિયાના બીજે છેડે રહેનારને પંદર દિવસે એ પત્ર મળે એવા સમયે એ વાત સાંભળીને સાચે જ અજાયબી થઈ હતી પણ આજે એ કલ્પના હકીકત બની જ રહી છે ને !

આજથી અડધી સદી પહેલાની વાત આ ક્ષણે યાદ આવે એ આપણી સ્મૃતિની દેન જ છે ને ? સ્મૃતિની મંજૂષામાં કેટલુંય ભર્યુ હશે અને એ ક્યારે સળવળી ઊઠે કહેવાય નહી.

પણ સૌથી વહાલી તો બાળપણની સ્મૃતિ જ હોં કે. આજે પણ ઉંમરના કોઈપણ પડાવે પહોંચેલી વ્યક્તિને બાળપણની યાદ જ સૌથી વધુ વહાલી હશે. બાળપણની એ સ્મૃતિથી તો આજે પણ મન એટલું જ પ્રફુલ્લિત નથી થઈ ઊઠતું?

સાવ આજની જ વાત છે. મનભાવન મોસમમાં પૂર્વીય દિશામાંથી પથરાતા ઉજાસમાં એક નાનકડું બાળક મસ્તીમાં આમતેમ ટહેલતું હતું અને એણે ફૂલ પર બેઠેલું પતંગિયુ જોયું. એકદમ રાજી થઈને એણે પતંગિયાનો પીછો કર્યો પણ એમ કંઈ હાથમાં આવે તો પતંગિયુ શાનું?

બસ આપણી સ્મૃતિનું પણ કંઈક આવું જ છે. યાદ કરવા મથીએ એ પેલા પતંગિયાની જેમ ઊડીને એક ડાળેથી બીજી ડાળે. તો કોઈ વાર અનાયાસે એક ઘટનાની યાદ સાથે જોડાયેલી સ્મૃતિ બીજી અનેક યાદોને તાજી કરતી જાય. આ સ્મૃતિનાય અંકોડા શ્રી અમિત ત્રિવેદી કહે છે તેમ એકમેક સાથે જોડાયેલા તો ખરા જપ.

"લ્યો સ્મરણ પાછા મનની ભીંતે આવી લટક્યાં.

પ્રસંગો વારાફરતી આવી ઘરમાં સચવાયા"

બાળપણથી શરૂ થતી સ્મૃતિ-સ્મરણયાત્રા ઘરમાં બનતા તમામ શુભ-મંગળ પ્રસંગો સુધી લંબાવાની અને કોઈ આવીને રોકે નહી ત્યાં સુધી અવિરત ચાલ્યા જ કરવાની. પણ સાથે જરૂરી નથી કે આપણા મનમાં જે સ્મૃતિ અકબંધ સચવાયેલી છે એ કોઈની સાથે વાગોળીએ તો એના મનમાં પણ એવી જ છબી તાદ્રશ્ય થાય એટલે આ સ્મરણો સાચવવાની કળા પણ આપણે શીખી જ લઈને છીએ. એ ક્ષણોને પણ આપણે કેમેરામાં કંડારી જ લઈએ છીએ ને !

દેવિકાબેન કહે છે એમ સ્મૃતિ મનમોજી તો ખરી જ અને બુદ્ધિને નેવે મૂકીને દિલને વળગી જાય. પણ આ સ્મૃતિ-સ્મરણ એટલે શું ? એ ક્યાંય કોઈ મનમાંથી ઉપજેલી વાત તો નથી જ. મનમાં ઊઠતા તરંગોને, વિચારોને તો આપણે કલ્પના કહીશું. સ્મૃતિ એટલે ભૂતકાળમાં બનેલી કોઈ ઘટના આજે યાદ આવે જે ખરા અર્થમાં ઘટી ગઈ છે અને મનના કોઈ ખૂણામાં સંઘરાઈને સચવાઈ રહી છે અને કાળક્રમે એ ફરી તાજી થાય છે. સ્મૃતિની જ આ માયાજાળ છે અને એમાંથી ક્યાં કોઈ બાકાત રહી શક્યું છે કે રહી શકશે ?

ગયા પત્રમાં એકપાઠી વ્યક્તિ એટલે કે એક વાર વાંચે, જુવે કે સાંભળે અને કાયમ માટે યાદ રાખે એવી વ્યક્તિઓની વાતનો ઉલ્લેખ થયો હતો. ગાંધીજીના મન પર જેમનો પ્રભાવ હતો એ શ્રીમદ રાજચંદ્ર શતાવધાની અર્થાત્ એકસાથે સો ક્રિયાઓ યાદ રાખીને એક સાથે કરી શકતા. કહે છે એમને સાત વર્ષની વયે પૂર્વજન્મનું જ્ઞાન થયું હતુ. વાત પૂર્વજન્મની નથી કરવી. વાત અહીં કરવી છે સ્મરણની. શ્રી સુરેશભાઈના 'જનાન્તિકે' માં જે મરણનો છેદ સ્મરણથી ઉડાડવાની વાત થઈ એના સંદર્ભમાં આ વાત યાદ આવી. જેના મનમાં પૂર્વજન્મની સ્મૃતિ પણ અકબંધ રહી હોય એને મરણ ક્યાં સ્પર્શ્યુ ? સમયથી પણ વધુ બળકટ થઈને ઊભરે એવી આ સ્મૃતિ તમામ કાળથી પણ પર થઈ ?

જો કે આ બધી વાતો કહેલી -સાંભળેલી કે વાંચેલી છે જ્યારે મારે અહીં સાવ ઘરમેળે થયેલા સ્વ-અનુભવની વાત કરવી છે. આજે યાદ આવી. અમારાં દાદીમા જો આજે હોત તો શતાબ્દી વટાવી ચૂક્યાં હોત. આંકડા -નંબર બાબતે એમની સ્મૃતિ ગજબની હતી. એક વાર કોઈ પણ નંબર સાંભળે અને જીવનભર યાદ રહી જતો અને એટલી હદે કે જ્યારે એમના જીવનની અંતિમ ક્ષણો ગણાતી હતી, નાડી તૂટતી જતી હતી, થોડી થોડી વારે લગભગ અભાનવસ્થામાં સરી પડતાં હતાં ત્યારે એમને સચેત કરવા પૂછીએ, "બા, મામાના ઘરનો ટેલીફોન નંબર?" અને શ્વાસ ભલે અટકી અટકીને ચાલતા હતા પણ એ તદ્દન અભાનાવસ્થામાં પણ એકવાર અટક્યા વગર સડસડાટ નંબર બોલી જતાં !!

શબ્દમાંથી સ્પર્શ, સંવાદ, મૌન અને હવે આ સ્મૃતિની વાતોનો ખજાનો જેમજેમ ખુલશે તેમ કંઈક અવનવું જાણવા મળશે. ખરી વાત ને મિત્રો ?

રાજુલ કૌશિક

# ૨૧થી ૨૩ એપ્રિલ સુધી બહુચરાજી ખાતે ચૈત્રી પૂનમનો મેળો યોજાશે, સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન



બહુચરાજી ખાતે દર વર્ષે પરંપરાગત ચૈત્રી પૂનમનો મેળો યોજાય છે. આ વર્ષે પણ આ મેળો તારીખ ૨૧ એપ્રિલથી ૨૩ એપ્રિલ દરમિયાન યોજાનાર છે. તારીખ ૨૨ એપ્રિલ ચૈત્ર સુદ ૧૪ને રાત્રે કલાકે બહુચરાજી મેળામાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેનો સૌ યાત્રાળુ, ભક્તોને લાભ લેવા બહુચરાજી મંદિર ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે .આ ઉપરાંત બહુચરાજી ચૈત્રી પૂનમના મેળા દરમિયાન ૨૩ એપ્રિલ ચૈત્ર સુદ પૂનમના દિવસે યાત્રાળુઓ માટે બપોર તથા સાંજે મફત ભોજન પ્રસાદની વ્યવસ્થા અન્નપૂર્ણા ભોજનાલય ખાતે કરવામાં આવી છે તેમજ ચૈત્ર સુદ પૂનમને ૨૩ એપ્રિલ ના રોજ રાત્રે ૯:૩૦ કલાકે માતાજીની સવારી નિજ મંદિરથી નીકળી શંખલપુર મુકામે જશે.જેથી યાત્રિકો માટે ચૈત્ર સુદ ૧૪ને સોમવાર ૨૨ એપ્રિલ ના રોજ સવારે ૫ કલાકથી ૨૩ એપ્રિલ ને મંગળવારના રોજ પૂનમની રાત્રે માતાજીની સવારી શંખલપુરથી પરત આવે ત્યાં સુધી દર્શનાર્થીઓ માટે નિજ મંદિરના દ્વાર સતત ખુલ્લા રહેશે

# ૧ વર્ષમાં ૧૬ ગુનામાં ૩ કરોડની ઠગાઈ, શિક્ષક, બેન્કકર્મી સહિતના ભોગ બન્યા

ગાંધીનગરમાં બનતા સાયબર ફ્રોડના બનાવમાં તમામ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલા અને સારા પદ પર ફરજ બજાવતા લોકો જ સપડાયા છે. શિક્ષિતો દ્વારા મોબાઇલ પર વિવિધ સાઇટ્સના સર્ફિંગ અને ઓનલાઇન પેમેન્ટ સુવિધાના સૌથી વધુ વપરાશ કરવાને કારણે તેઓ સાબર ગઠીયાઓના ટ્રેપમાં આબાદ સપડાય છે. પરંતુ સૌથી મહત્વનું કારણ એ છે કે ટૂંકા ગાળામાં વધુ નાણા મેળવવાની લાલચને કારણે તેઓ ટ્રેપમાં ફસાઇ રહ્યા છે. ગાંધીનગરમાં છેલ્લા એક વર્ષમાં સાયબર ફ્રોડના ૧૬ કિસ્સા બન્યા છે જેમાં ભોગ બનનાર સોફ્ટવેર એન્જિનિયરથી લઇને શિક્ષક, કંપનીના અધિકારી અને બેંકના કર્મચારીનો સમાવેશ થાય છે હાલમાં ખાસ કરીને બે પ્રકારે ફ્રોડ થઇ રહ્યા છે. જેમાં એકમાં રોકાણ કરાવવાનુ કહેવામાં આવે છે અને બીજામાં ટાસ્ક આપવામાં આવે છે. જ્યારે રોકાણ કરાવવાનું કહેવામાં આવે ત્યારે નાગરિકે તે બાબતે તપાસ કરવી જોઇએ. ગઠિયાઓ ઓનલાઇન રોકાણ કરાવવાનુ કહી વધુ નફો બતાવતા હોય છે. ત્યારે નાગરિકે તેને રૂબરૂ મળવુ જોઇએ. આપણને પરસેવાની રકમ રોકાણ કરતા પહેલા તેની ઓફિસ જોવી જોઇએ. ફોન કરનાર વ્યક્તિને મળવાથી તે સાચી ઓફિસ છે કે લેભાગુ તત્વોની ઓફિસ છે તેનો ખ્યાલ આવશે. તે ઉપરાંત ગઠિયાઓની સાઇટમાં રોકાણ કરવાથી નફો બતાવતા હોય છે. ખરેખર સાચા બ્રોકર ક્યારેય નફો બતાવતા નથી. જેથી આ બાબતનો ખ્યાલ રાખવો જોઇએ. જ્યારે ગઠિયાઓ વર્ચ્યુઅલ નંબર ઉપરથી ફોન કરતા હોય છે, લોકલ નંબર ઉપરથી કેમ ફોન કરતા નથી. જ્યારે જ્યારે વર્ચ્યુઅલ નંબર ઉપરથી ફોન આવે ત્યારે નાગરિકે સજાગ બની જવુ જોઇએ અને તેને ખબર પડવી જોઇએ કે તેની સાથે કઇ ખોટુ થવા જઇ રહ્યુ છે. તે ઉપરાંત સાઇબર ફ્રોડ રોકવા માટેની હેલ્પ લાઇન ૧૯૩૦નો ઉપયોગ કરવો જોઇએ.

# પતંજલિ યોગ શિબીરોની એન્ટ્રી ફી પર આપવો પડશે સર્વીસ ટેકસઃ સુપ્રિમ કોર્ટ

નવીદિલ્હી,તા.૨૦

યોગગુરૂ, બાબા રામદેવની મુશ્કેલીનો અંત નથી આવતો હવે બાબા રામદેવનાં પતંજલી યોગપીઠ ટ્રસ્ટને શુક્રવારે સુપ્રિમ કોર્ટે ઝટકો આપ્યો છે.અદાલતે અપીલીયય ન્યાયાધીકારણનાં એ નિર્ણયને યથાવત રાખ્યો. જેમાં ટ્રસ્ટને યોગ શિબીરનાં આયોજન માટે એન્ટ્રી ફી લેવા પર સેવા કર ચુકવવાનું કહેવામાં આવ્યુ હતું.ન્યાયમુર્તિ આમય એસ.ઓઝા અને ન્યાયમુર્તિ ઉજજવલ ભુઈયાની પીઠે સીમા શુલ્ક, ઉત્પાદન શુલ્ક અને સેવા કર અપીલીય ન્યાયાધિકરણ (સીઈએસટીએટી) ની અલાહાબાદ પીઠના ૫ ઓકટોબર ૨૦૨૩ ના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનો ઈક્રાર કરી દીધો હતો પીઠે પતંજલી ટ્રસ્ટની અપીલને ફગાવી દેતા કહ્યું હતું કે ન્યાયાધિકરણનાં આદેશની સમીક્ષા કરવાનું કોઈ કારણ નથી.ખરેખર તો સીઈએસટીએટીએ પોતાના આદેશમાં કહ્યું હતું કે પતંજલી યોગપીઠ ટ્રસ્ટ યોગ શિબીરોમાં સામેલ થવા માટે ચાર્જ વસુલવામાં આવે છે. એટલે આ સ્વાસ્થ્ય ફીટનેસ સેવાની શ્રેણીમાં આવે છે અને તેના પર સેવા કર લાગશે.સીમા શુલ્ક અને કેન્દ્રીય ઉત્પાદક શુલ્ક, મેરઠ રેન્જના કમિશ્નરે ઓકટોબર ૨૦૦૬ થી માર્ચ ૨૦૧૧ માટે દંડ અને વ્યાજ સહીત લગભગ ૪.૫ કરોડ રૂપિયાના સેવા કરની પતંજલી યોગપીઠ ટ્રસ્ટ પાસેથી માંગ કરી હતી. જેના જવાબમાં ટ્રસ્ટે દલીલ કરી હતી

# અમેરિકાએ પેલેસ્ટાઈનને સંયુક્ત રાષ્ટ્રનો સ્થાયી સભ્ય બનાવવાના પ્રસ્તાવને રોક્યો

વોશિગ્ટન,તા.૨૦

અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્રમાં પેલેસ્ટાઈનના સંપૂર્ણસભ્યપદના પ્રસ્તાવને વીટો કરી દીધો છે.૧૫-રાષ્ટ્રીય પરિષદે પેલેસ્ટાઈનને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું સંપૂર્ણ સભ્યપદ આપવાના પ્રસ્તાવ પર મતદાન કર્યું હતું. પ્રસ્તાવને પસાર કરવા માટે ઓછામાં ઓછા નવ કાઉન્સિલ સભ્યોના સમર્થનની જરૂર હતી. પેલેસ્ટાઈનને સંયુક્ત રાષ્ટ્રનો કાયમી સભ્ય બનાવવાના પ્રસ્તાવની તરફેણમાં ૧૨ મત પડ્યા હતા, જ્યારે સ્વિટ્ઝર્લેન્ડ અને બ્રિટને મતદાનમાં ભાગ લીધો ન હતો. જો કે, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકમાં અમેરિકા દ્વારા આ પ્રસ્તાવને વીટો કરવામાં આવ્યો હતો, જેના કારણે આ પ્રસ્તાવ પસાર થઈ શક્યો ન હતો. હાલમાં પેલેસ્ટાઈન સંયુક્ત રાષ્ટ્રનો બિન-સભ્ય દેશ છે. પેલેસ્ટાઈનને વર્ષ ૨૦૧૨માં આ દરજ્જો આપવામાં આવ્યો હતો. આ અંતર્ગત પેલેસ્ટાઈન સંયુક્ત રાષ્ટ્રની કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે, પરંતુ કોઈપણ ઠરાવ પર મતદાન કરી શકે નહીં. પેલેસ્ટાઈન ઉપરાંત વેટિકન સિટી પણ સંયુક્ત રાષ્ટ્રનો બિન-સભ્ય દેશ છે.

સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના પ્રતિનિધિ રોબર્ટ વૂડે વીટો પાવરના ઉપયોગ અંગે સ્પષ્ટતા કરતા કહ્યું કે 'અમેરિકા માને છે કે પેલેસ્ટાઈનને અલગ દેશનો દરજ્જો આપવાનો શ્રેષ્ઠ માર્ગ ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે સીધી વાટાઘાટો દ્વારા છે, જેમાં અમેરિકા અને અન્ય સાથી દેશોએ મદદ કરવી જોઈએ. અમેરિકાનો આ મત પેલેસ્ટાઈનને અલગ દેશનો દરજ્જો આપવા વિરુદ્ધ નથી, પરંતુ અમે માનીએ છીએ કે આ બંને પક્ષો વચ્ચે સીધી વાટાઘાટો દ્વારા જ થવું જોઈએ.

રોબર્ટ વૂડે કહ્યું કે અમે ઘણા સમય પહેલા કહ્યું હતું કે પેલેસ્ટાઈનને દેશનો દરજ્જો મેળવવા માટે ઘણા સુધારા કરવા પડશે. હાલમાં ગાઝામાં આતંકવાદી સંગઠન હમાસ સત્તા પર છે અને ઠરાવમાં હમાસને પેલેસ્ટાઈનનો અભિન્ન અંગ ગણાવ્યો છે. આ કારણસર અમેરિકાએ પ્રસ્તાવને વીટો કરી દીધો છે. વુડે કહ્યું કે ૭ ઓક્ટોબરે ઈઝરાયેલ પર થયેલા હુમલા બાદ રાષ્ટ્રપતિ જો બિડેને સ્પષ્ટ કર્યું હતું કે આ ક્ષેત્રમાં બે દેશોના પ્રસ્તાવ દ્વારા જ શાંતિ આવી શકે છે. લોકશાહી યહૂદી રાજ્યની સુરક્ષા અને ભાવિ માટે બીજો કોઈ રસ્તો નથી. પેલેસ્ટિનિયનો માટે શાંતિથી જીવવાનો બીજો કોઈ રસ્તો નથી.

સંયુક્ત રાષ્ટ્રમાં પેલેસ્ટાઈનના પ્રતિનિધિ, રિયાદ મન્સૂરે, ઠરાવને વીટો કરવાના યુએસના નિર્ણય પર નિરાશા વ્યક્ત કરી, પરંતુ ઠરાવને સમર્થન આપનારા દેશોનો પણ આભાર માન્યો. તેમણે કહ્યું કે પેલેસ્ટાઈનને સંયુક્ત રાષ્ટ્રનું સંપૂર્ણ સભ્યપદ આપવાનો અર્થ શાંતિમાં રોકાણ છે. પેલેસ્ટાઈને આ પહેલા ૨૦૧૨માં પણ સંયુક્ત રાષ્ટ્રના પૂર્ણ સભ્ય બનવાની માંગ ઉઠાવી હતી, પરંતુ તે સમયે પણ સુરક્ષા પરિષદમાં સર્વસંમતિ બની શકી ન હતી. કોઈપણ દેશને યુનાઈટેડ નેશન્સનો સંપૂર્ણ સભ્ય બનાવવા માટે યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલ તેમજ જનરલ એસેમ્બલીની મંજૂરી મેળવવી

# બ્રિટનમાં બીમારીના કારણે રજા લેનારા લોકોની સંખ્યા વધી

લંડન,તા.૨૦

બ્રિટનમાં લોકો લાંબા સમય સુધી બીમારીની રજા પર રહે છે, જેના કારણે કામકાજ પ્રભાવિત થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં હવે વડાપ્રધાન ઋષિ સુનક લાંબા ગાળાની માંદગી રજા માટેના નિયમોને વધુ કડક કરવા પર વિચાર કરશે. સુનાક કાયમી ધોરણે કર્મચારીઓને છોડીને જતા લોકોની સંખ્યામાં વધારો અટકાવવા માટે પગલું ભરશે.શ્રમ દળની સહભાગિતા ૨૦૧૫ પછી સૌથી નીચી છે, કારણ કે લાંબા ગાળાની માંદગીમાં વધારો અને વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે, અન્ય મોટા સમૃદ્ધ દેશોની સરખામણીએ કે જેમણે ૨૦૨૦ થી ભાગીદારીમાં વધારો જોયો છે.

સુનાકે કહ્યું હતું કે માનસિક સ્વાસ્થ્યની સ્થિતિને કારણે કામ ન કરતા લોકોની વધતી સંખ્યા ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું કે આપણે લોકોને કામ પર પાછા ફરવામાં મદદ કરવા માટે વધુ મહત્વાકાંક્ષી બનવાની જરૂર છે અને જીવનના રોજિંદા પડકારોને વધુ તબીબી બનાવવાના જોખમ વિશે વધુ પ્રમાણિક બનવાની જરૂર છે.

સત્તાવાર માહિતી અનુસાર, ૧૬ થી ૬૪ વર્ષની વયના લગભગ ૯.૪ મિલિયન લોકો, અથવા ૨૨ ટકા, ન તો કામ કરે છે કે ન તો બેરોજગાર છે, જે રોગચાળા પહેલા ૮.૫૫ મિલિયન હતા. તેમાંથી, ૨.૮ મિલિયન લાંબા સમયથી બીમાર છે અને ૨૦૬,૦૦૦ અસ્થાયી રૂપે બીમાર છે. ગયા વર્ષે બ્રિટનના બજેટ વોચડોગે જણાવ્યું હતું કે લાંબા ગાળાની બિમારીના કારણે કામથી દૂર રહેતા એક ક્વાર્ટર લોકો તબીબી સારવાર માટે રાહ જોઈ રહ્યા હતા, જો કે તેણે એમ પણ કહ્યું હતું કે જો ૨૦૧૫ સુધીમાં વેઈટિંગ લિસ્ટ નાબૂદ કરવામાં આવે તો પણ ૨૫,૦૦૦ લોકો જ આવી શકે છે કામ પર પાછા.અહેવાલ મુજબ, લાંબા સમયથી બીમાર થયેલા અડધાથી વધુ લોકોએ 'ડિપ્રેશન, ખરાબ ચેતા અથવા ચિંતા'થી પીડિત હોવાનું જણાવ્યું હતું, જોકે ઘણાએ કહ્યું હતું કે તે તેમની મુખ્ય સ્વાસ્થ્ય સમસ્યા સાથે ગૌણ સ્થિતિ છે.સુનકની ઓફિસે કહ્યું કે ડોક્ટરો સલાહ આપી રહ્યા છે કે તે કામ પર પાછા ફરવાને બદલે માંદગીની રજા લે. સુનકે કહ્યુંઃ 'તો અમારે આ વલણ બદલવાની જરૂર છે.

# પાક.માં ચીની પછી હવે જાપાનીઓ પર હુમલો, ડ્રાઈવર અને સુરક્ષા ગાર્ડનું મોત

કરાચી,તા.૨૦

પાકિસ્તાનના કરાચી શહેરમાં વિદેશી નાગરિકો પર હુમલો કરવામાં આવ્યો હતો. વિદેશી નાગરિકોના વાહન પર આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો છે. આ વાહનમાં પાંચ જાપાની નાગરિકો સહિત કુલ સાત લોકો સવાર હતા.

આ હુમલો કરાચીના માનસેહરા કોલોનીમાં થયો હતો. પાંચેય જાપાની નાગરિકો આ હુમલામાંથી બચી ગયા હતા. પરંતુ વાહનના ડ્રાઈવર અને સુરક્ષા ગાર્ડનું મોત થયું છે. આ હુમલા બાદ પોલીસની જવાબી કાર્યવાહીમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા.

પોલીસનું કહેવું છે કે આ હુમલો જાપાની નાગરિકોને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો. પરંતુ આ હુમલામાં વિદેશી નાગરિકોને કોઈ ઈજા થઈ નથી. તેને તાત્કાલિક સલામત સ્થળે લઈ જવામાં આવ્યો હતો. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આત્મઘાતી હુમલાની પુષ્ટિ કરી છે.છેલ્લા કેટલાક સમયથી પાકિસ્તાનમાં પણ આવી જ રીતે ચીની નાગરિકોને નિશાન બનાવીને હુમલા કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં જ પાકિસ્તાનમાં થયેલા આતંકવાદી હુમલામાં ચીનના પાંચ એન્જિનિયરો માર્યા ગયા હતા.

બલૂચ આતંકવાદીઓ છેલ્લા ઘણા સમયથી ચીનના નાગરિકોને નિશાન બનાવી રહ્યા છે. એપ્રિલ ૨૦૨૨ માં, કરાચીમાં કન્ફ્યુશિયસ સંસ્થાની બસ પર આતંકવાદી હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ત્રણ ચાઈનીઝ શિક્ષકો અને તેમના સ્થાનિક ડ્રાઈવર માર્યા ગયા હતા. મ્ન્છએ પણ આ હુમલાની જવાબદારી લીધી હતી. ઓગસ્ટ ૨૦૨૧માં પણ ગ્વાદરમાં ચીની નાગરિકોને નિશાન બનાવતા હુમલામાં બે બાળકો માર્યા ગયા હતા અને ત્રણ ઘાયલ થયા હતા.જુલાઈ ૨૦૨૧માં પણ આતંકવાદીઓએ પાકિસ્તાનમાં એક શટલ બસને નિશાન બનાવી હતી જેમાં નવ ચીની નાગરિકો અને ચાર પાકિસ્તાનીઓ માર્યા ગયા હતા. એપ્રિલ ૨૦૨૧ માં, બલૂચિસ્તાન પ્રાંતના ક્વેટામાં ચીનના રાજદૂતની હોસ્ટિંગ કરતી હોટલમાં કાર બોમ્બ વિસ્ફોટ થયો હતો, જેમાં પાંચ લોકો માર્યા ગયા હતા. પાકિસ્તાની તાલિબાને આ હુમલાની જવાબદારી લીધી હતી.

૨૦૧૮ માં,બીએલએએ દક્ષિણ પાકિસ્તાનના કરાચીમાં ચીની કોન્સ્યુલેટ પર હુમલો કર્યો, જે દરમિયાન બે પોલીસ અધિકારીઓ માર્યા ગયા. મે ૨૦૧૭માં, મોટરસાઈકલ પર સવાર બે બંદૂકધારીઓએ ચાઈનીઝ પ્રોજેક્ટ પર કામ કરતા ૧૦ કામદારોની હત્યા કરી હતી. આ હુમલાની જવાબદારી લેતા બીએલએએ કહ્યું હતું કે તેમણે આ હુમલો ચીન-પાકિસ્તાન ઈકોનોમિક

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યુ